# ફાધર ઓફ મર્જર

એવું કહેવાય છે કે જ્યાં સુધી તમે તમારા સારા વિચારો પર કામ ન કરો ત્યાં સુધી તે વિચાર વિચાર જ રહે છે. આજે નવ જેટલા જિલ્લાઓમાં જેની પાંખો ફેલાયેલી છે એવી પ્રાઇમ બેન્કનો પાયો ગોકુલ બક્ષીએ વર્ષ ૧૯૯૪માં નાખ્યો હતો.

એક વિચારે આકાર લીધો, પરિશ્રમને શાહી બનાવીને ચિત્ર બનાવ્યું અને આજે એ ચિત્ર સફળતાનાં અનેક શિખરો સર કરી રહ્યું છે આ વાત થાય ત્યારે પ્રાઇમ બેન્ક કે જે સુરતની પોતાની બેન્ક છે તે ચોક્કસથી યાદ આવે. ગોકુલ બક્ષીએ પોતાનો બીઓબીનો વીસ વર્ષથી વધુનો અનુભવ, બ્રિટિશ ગ્યુઆના અને સાઉથ અમેરિકા બેન્કના અનુભવને સાથે રાખીને પ્રાઇમ બેન્કની કલ્પના કરી ત્યારે તે સમયે સિટીના પ્રાઇમ પિપલે પણ તેમને સાથ આપ્યો હતો. ગોકુલ બક્ષી પ્રાઇમ બેન્કના જૂના એકાઉન્ટની રસીદો જોતાં કહે છે કે મને બધા બેન્કર તરીકે જ ઓળખે છે. અમને ગર્વ છે કે આરબીઆઇએ જ્યારે અમને કોઓપરેટીવ બેન્કની મંજૂરી આપી ત્યારથી અમારી બેન્ક કોમ્પ્યુટરાઇઝ્ડ છે. અમારી પહેલી શાખા ખટોદરા ખાતે અમે ખોલી હતી. ૧૯૯૪થી અત્યાર સુધી અમારી બેન્કની શાખ ખૂબ જ સારી છે. આજે અમારી બેન્કમાં ૩૦૦થી વધુ માણસો કામ કરે છે. ઉપરાંત વિવિધ ક્ષેત્રમાં સારી કામગીરી સાથે ૭૦થી વધુ એવોર્ડ પણ અમને મળ્યા છે. જેનો શ્રેય અમારા કસ્ટમર્સ, અમારા સ્ટાફ, ટીમ લીડર, મેનેજીંગ કમિટી અને ડાયરેક્ટર્સને જાય છે. તમામની દીર્ઘદ્રષ્ટિથી આજે પ્રાઇમ બેન્કે એક નવી ઊંચાઇ સર કરી છે.



**ગોકુલ બક્ષી**
**પ્રાઇમ બેન્ક**

માત્ર સાડા ત્રણસો સ્કવેરફીટમાં ચાલુ થયેલી બેન્કે સારાનરસા દિવસો પણ જોયા છે પરંતુ આ બેન્કનો મુખ્ય ઉદ્દેશ હંમેશાં સોસાયટીને આગળ લાવવાનો છે અને સોશિયલ વર્ક કરવાનો જ છે. ગોકુલ બક્ષીને ફાધર ઓફ મર્જર કહેવામાં આવે છે. તેમના માર્ગદર્શનથી, તેમની હિંમતથી અનેક કોઓપરેટીવ બેન્કો કે જેઓ નબળી પડી ગઇ હોય, બંધ થઇ જવાની હોય તેવી બેન્કને મર્જર કરીને તેમના કસ્ટમર અને સ્ટાફને રાખીને પ્રાઇમ બેન્કના કલ્ચરમાં કલ્ટીવેટ કરીને ફરી ઊભા કરી દીધા હોય. આ એક માત્ર એવી બેન્ક છે કે જ્યાં આટલી બધી બેન્કો મર્જ થઇ હોય.

વર્ષ ૨૦૦૩માં ભરૂચમાં એક બ્રાન્ચ ખોલવાની હતી. ત્યારે ગોકુલ બક્ષી જતા હતા અને કાર ઊભી રાખવી પડી. રસ્તામાં એક ફ્રૂટવાળો જે માત્ર ૨૫ વર્ષનો હશે તેને એક ૫૦ વર્ષનો વ્યક્તિ ખૂબ જ ગાળો આપતો હતો અને પેલો યુવાન સાંભળ્યા કરતો હતો. બક્ષી થી રહેવાયું નહીં અને પૂછ્યું કે 'આ આટલું બધું સંભળાવીને ગયો તો પણ તું કેમ સાંભળતો રહ્યો?' ત્યારે પેલા યુવાને કહ્યું કે 'તે અમારા માલિક છે. એ આ લારીમાં રોજનું ૧૦૦૦નું ફ્રૂટ ભરી જાય અને મારે તેમાંથી સાતસો રૂપિયા લેવાના.' ત્યારે ગોકુલભાઇએ તે યુવાનને કહ્યું કે 'આટલું બધું વ્યાજ થોડું દેવાય?' તો તે યુવાન કહે કે 'સાહેબ અમારી પાસે કંઇ જ ન હોવાથી અમારે આપવું પડે છે.' જ્યારે પેલા યુવાનને બેન્કમાં આવવાનું કહેવામાં આવ્યું ત્યારે યુવાને કહ્યું કે 'મારી પાસે ઘર નથી, ગેરેન્ટર નથી , પૈસા નથી તો કેવી રીતે બેન્ક મને લોન આપે?' બસ આ જ વાતથી ગોકુલભાઇએ માઇક્રોફાઇનાન્સ પર વિચારવાનું શરૂ કર્યું અને તેમણે બાંગ્લાદેશમાં જે રીતે માઇક્રોફાઇનાન્સ સકસેસ થયું હતું તે શીખીને અહીં ચાલુ કર્યું.

> એવાં લોકો કે જે બીલો પોવર્ટી લાઇનમાં આવે છે તેવા પરિવારોને સ્વરોજગારની તકો મળી રહે તે માટે માઇક્રોફાઇનાન્સ આપી રહી છે તે પણ ખૂબ જ ઓછા વ્યાજ દરે

પ્રાઇમ બેન્ક કે જે એવાં લોકો કે જે બીલો પોવર્ટી લાઇનમાં આવે છે તેવા પરિવારોને સ્વરોજગારની તકો મળી રહે તે માટે માઇક્રોફાઇનાન્સ આપી રહી છે તે પણ ખૂબ જ ઓછા વ્યાજદરે. ગત વર્ષે ૭૧૧ જેટલા પરિવારોને લોન આપી હતી, જ્યારે પ્રાઇમ બેન્કનું સ્વપ્ન છે કે એક લાખથી વધુ પરિવારો ને સ્વરોજગાર મળી રહે તે માટે માઇક્રોફાઇનાન્સ ફેસિલિટી આપવી જોઇએ.

વધુ જાણવા QR સ્કેન કરો



The quality of a person's life is in direct proportion to their commitment to excellence, regardless of their chosen field of endeavor. - Vince Lombardi